
AAU
कृणवन्तो राष्ट्रं कृषिसंपन्नम्

# પરોપજીવી કૃમિથી થતા રોગોનું નિયંત્રણ









પરોપજીવી કૃમિ અને તેમની જીવન જીવવાની કળા અત્યંત નિરાળી છે. સમંયાતરે એ પોતાના  અને પોતાના વંશના રહેઠાણનો બદલાવ કરતા રહે છે. ઘડીકમાં યજમાનના શરીરમાં તો ઘડીક ખુલ્લા વાતાવરણમાં અસંખ્ય કષ્ટદાયક યાતનાઓના સામનો કરીને પણ જીવન જીવી જાય છે. પશુઓના શરીરને પણ આવા પરોપજીવી કૃમિ રહેઠાણનું સ્થળ બનાવી જીવનચર્યા માટે જરૂરી ખોરાક તત્વો, પદાર્થો વગેરેને પશુઓના શરીરમાં ઘણીજ સહેલાઈથી છીનવી લે છે.

**૧) મોટા  ગોળકૃમિ (મોટા કરમિયા)**

ટોકસોકેરા વીટયુલોરમ નામે ઓળખાતા મોટા કરમિયા છ મહિના સુધીની ઉપરના પાડા વાછરડામાં વધુ જોવા મળે છે, તે આંતરડામાં રહી પોતાનું જીવન ગુજારે  છે. આપણાં દેશમાં શિયાળાની શરૂઆતમાં આ રોગ વધુ જોવા મળે છે.

નાના જન્મેલા પાડા/વાછરડાના આંતરડામાં મોટા પ્રમાણમાં મોટા કરમિયા થાય તો તે આંતરડામાં જે મોટા પ્રમાણમાં પોલાણને બંધ જેવુ કરી દે છે, જેથી પેટમાં ચૂંક આવે છે. અને શરીરનો વિકાસ રૂઘાંય છે. પાંચન બરાબર થતું ન હોઈ વાછરડા/પાડા નબળા પડે છે. પાતળા ચીકણા દુર્ગંધ મારતા કાળાસ પડતા ઝાડા થાય છે અ ને જાવનરનું મરણ થાય છે. ઘણીવાર જીવતા કરમિયા પણ ગુદામાંથી બહાર નીકળતા જોઈ શકાય છે.

**૨) નાના કરમિયા :**

જુદી જુદી જાતના નાના કરમિયા મુખ્યત્વે પાચનતંત્રના અવયવોમાં અને તેમાંથી ખાસ કરીને ચતુર્થ આમાશય અને આતંરડામાં રહી જીવન વિતાવે છે.

તે વધુ હાનિકારક છે કારણ કે તે ખોરાક તરીકે પ્રાણીના લોહીનો ઉપયોગ કરે છે. વાગોળતા પ્રાણીઓમાં આવા કરમિયાને ટ્રાઈકોસ્ટ્રોન્ગાલીસ ગ્રુપથી ઓળખાય છે. અને તે પેરાસાઈટીક ગેસ્ટ્રોએન્ટરાઈટીસ નામનો રોગ કરે છે. ચોમાસાની શરૂઆતના મહિનાઓમાં આ રોગ વધુ જોવા મળે છે.

ઢોર નબળું પડે છે લોહી ચૂસ્ત કરમિયા શરીરનું લોહી પ્રમાણ ઘટાડે છે, રકતકણો પણ ઘટે છે, લોહી પાતળું થાય છે શરીર ફીક્કું પડે છે,  અને શરીરનો ચળકાટ જતો રહે છે. જડબા નીચે પ્રવાહી ભરાય છે ઝાડા અને કબજિયાત વારાફરતી થતા રહે છે. ઉત્પાદનશક્તિ ઘટી જાય છે.

**૩) યકૃત કૃમિ :**

યકૃત એટલે કે કલેજામાં રહેતા કૃમિને યકૃત કૃમિ કહે છે. આમ તો ચારેક જાતિના કૃમિ

યકૃતને પોતાનું રહેઠાણ બનાવે છે. તેમ છતાં સામાન્ય રીતે યકૃત કૃમિનો દાખલો આપવા માટે આપણે ફેસીઓલા જાતિના ઉપયોગ કરીએ છીએ આપણા દેશમાં માટે ભાગે ફેસીઓલા જાઈજેન્ટીકા નામના યકૃતિકૃમિ શિયાળાની શરૂઆતના મહિનાઓમાં જાનવરોમાં રોગ કરતા હોય છે.

ઘેટાં, બકરા, ગાય, બળદ, સસલાં, હરણ, હાથી, ઘોડા વગેરે તથા જવલ્લે મનુષ્ય પણ આ કૃમિનો ભોગ બનતા જોવા મળે છે.

જો ઘણા બધા અપરિપકવ કૃમિ યકૃતમાં એક સાથે પ્રવેશ કરે તો વધુ પડતા યકૃતના કોષોનો નાશ કરી તીવ્ર પ્રકારનો રોગ કરે છે, જેમાં યકૃતના કોષોનો કૃમિ ખોરાક તરીકે ઉપયોગ કરતા હોવાથી જાનવરનું મરણ જલ્દી થઈ શકે છે.

જો થોડા પ્રમાણમાં કૃમિ યકૃતમાં દાખલ થયા હોય તો બે એક મહિનામાં પિત્તનળીઓમાં પહોચી પુખ્તવખયના બની જીવન વિતાવે છે. આથી આવા કૃમિ મંદ પ્રકારનો રોગ કરે છે જેમાં યકૃતના કોષોનો નાશ તથા રકતસ્ત્રાવ થયા બાદ ફાઈબ્રસ ટીસ્યુની જમાવ સંઘાણ માટે થાય છે, જેથી યકૃતની કાર્યશક્તિ મટે છે. યકૃત મોટું થાય છે. પિત્તનળીઓની દિવાલ કોષો તેમની વૃદ્ધિ હોય છે. આથી તેમની દિવાલ જાડી કઠણ પાઈપ જેવી થઈ જાય છે. પિત્તનળીઓમાં જાડું ઘેરા સફેદ રંગનું ચીકણું પ્રવાહી ભરાય છે.પિત્તાશયની નળીઓમાં અવરોધ થવાથી પીત્તનો ભરાવો થવા લાગે છે અને પિત્તાશય મોટું થઈ જાય છે. મ્યુકસ મેમ્બ્રેન્સ ફીકકા પડે છે , ઝાડા દુર્ગંધયુકત બને છે, વાળા ઉન ખરી જાય છે. એનીમીયા થવાથી શરીર નબળું પડે છે અને ઉત્પાદન શક્તિ ઘટતી ચાલે છે. જેથી બધુ આર્થિક નુકશાન થાય છે. કમળા જેવા ચિન્હો જોવા મળે છે. જડબા નીચે પ્રવાહી ભરાય છે. વજન ઘટે.

**અટકાવ :**

ચોમાસાની ૠતુના પાછલા મહિનાઓમાં તથા શિયાળાની ૠતુના શરૂઆતના મહિનાઓમાં નદી, તળાવ, નહેરના કિનારાનું ઘાસ ઢોરને ચરવા દેવું નહી. આવું ઘાસ કાપી બરાબર રીતે સૂર્ય તાપમાં સૂકવી ખવડાવી શકાય અથવા ઘાસનું સાયલેજ બનાવી ઉપયોગમાં લઈ શકાય.

શંખનો નાશ કરવા માટે રસાયણનો ઉપયોગ થઈ શકે અથવા સાથે બતક જેવા પક્ષીઓ જે શંખનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે તેને પાળી શકાય. રોગિષ્ઠ જાનવરોની સારવાર કરાવવી તથા જાનવરોનું છાણ એક જગ્યાએ ભેગું કરી ઢગલો કરવો જેથી અંદર ઉત્પન્ન થતી ગરમીથી ઈંડાનો નાશ થાય. નીલગીરીના પાન અને શીંગોડા શંખનો નાશ કરતા હોઈ તેમના ઝાડને તળાવ નદી કિનારે ઉગાડવા જોઈએ.

**કૃમિજન્ય દવાઓ આપવા માટેનું કેલેન્ડર (ડીવોર્મિંગ શિડ્યુલ)**

| જાનવરની અવસ્થા | ડીવોર્મિંગ શિડ્યુલ (ક્યારે દવા આપવી) |
|---|---|
| **ગાય-ભેંસ માટે** | |
| નાના બચ્ચા માટે | એક મહિનાની ઉંમરે અને પછી દર મહિને |
| વોડકી-મોટી વાછરડીઓ પાડીઓ | દર બે મહિને |
| પુખ્ત જાનવર માટે | દર ચોથા મહિને |
| ગાભણ ગાય | ગર્ભાવસ્થાના પાંચમા મહિને અને વીયાવાના બે અઠવાડિયા પહેલા |
| પોસ્ટ પારટમ-વિયાયા પછી | દુઝણી ગાયને વીયાવ્યાના બે અઠવાડિયા પછી અને |
| | મહિનાના આંતરે બે વાર |
| **ઘેટાં-બકરા માટે** | |
| બચ્ચા માટે | ચોથા, આઠમા અને બારમા અઠવાડિયે |
| પુખ્ત નર-માદા | બે થી ત્રણ મહિને એકવાર |
| ગાભણ માટે | ચાર મહિનાની ગાભણ અવસ્થા અને વીયાવાના બે અઠવાડિયા પહેલા (પાંચ માસની ગાભણ અવસ્થા) |
| પોસ્ટ પારટમ - વિયાવ્યા પછી | વિયાવ્યા પછીના એક માસે |
| **મરઘાં માટે** | |
| મરઘીના બચ્ચાં - પીલા માટે | એક થી દોઢ મહિને |
| ગ્રોવર (બે અઠવાડિયા) | બે થી અઢી મહિને ત્યારબાદ ફરીથી મહિને ત્રણ માસ બાદ |
| પુખ્ત પક્ષી (૨૦ થી ૭૨ અઠવાડિયા) | દર મહિને |

**કૃમિનાશક દવાઓના વપરાશ બાબતે ધ્યાનમાં રાખવાના ખાસ મુદ્દાઓ :**

(૧) વર્ષમાં બે વખત ચોમાસા પહેલા અને ચોમાસા પછી કૃમિનાશક દવા પીવડાવવી જોઈએ.

(૨) કૃમિનાશક દવા હંમેશા બદલતા રહેવું જોઈઓ

(૩) ઝાડાના નમૂનાની તપાસ કરાવ્યા બાદ કૃમિનાશક દવા આપો.

(૪) રસીકરણ પહેલાં કૃમિનાશક દવા આપો જેથી કૃમિનો નાશ થતાં રસીકરણ કરવાથી રોગ પ્રતિકારક શક્તિ સારી પેદા થશે.

(૫) પશુ ચિકિત્સક અધિકારીશ્રીના સંપર્ક કર્યા બાદ જ દવાઓનો ઉપયોગ કરવો જેથી સંપૂર્ણ વિગતો તથા આડ અસર વગેરે જાણી શકાય.

**ડૉ. સફી વહોરા અને ડૉ. જી.એન. થોરાત**

**પશુ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢબારીયા**